પ.ત્ન
opera

# મોહિની

પ્રકાશક:- મુંબઈ ગુજરાતી
નાટક મંડળ

ઈ.સ. ૧૯૪૦

# મોહિની

આવૃત્તિ બીજી.

છપાવી પ્રસિધ્ધ કરનાર,

## મુંબઈ ગુજરાતી નાટક મંડળી.

સર્વ હક્ક સ્વાધીન છે.

મુંબઈ:

શ્રી શમશેર પ્રિન્ટીંગ પ્રેસમાં

શમશુદ્દીન એન્ડ અબદુલરસુલ એઓએ
છાપી છે.

સને ૧૯૧૦ —:o:— સંવત ૧૯૬૬

કીંમત રૂ૦-૨-૦

# નાટકનાં પાત્રો

## પુરૂષ વર્ગ

સૂરજમલ..................જેસલમીરનો રાજા (કચ્છવા જાતનો)
મહીપાળ..................મેરતાનો રાજા (મેરતીયા)
કલ્યાણ દેવ..................કોટાનો રાજા (હાડો)
વીરમ..................જેસલમીરનો સેનાપતિ (જેઠવો)
રસરાજ..................પ્રભાનો જુઠો આશક
ધાંધલીઓ..................તેનો છોકરો.

## સ્ત્રી વર્ગ

મોહિની..................મહીપાળની પુત્રી પાછળથી કલ્યાણ દેવની રાણી.
મધુબેની..................સૂરજમલની રખાયત રાણી
કિશોરી..................મધુબેનીની પુત્રી.
પ્રભા..................મોહિનીની સખી
કેસર..................વીરમપર આશક પાછળથી સ્ત્રી.

દરબારીઓ, સીપાઇઓ, દૂતો, સખીઓ, દાસીઓ, વારાંગનાઓ વગેરે, વગેરે, વગેરે.

# નાટકની ટુંક સમજ.

પ્રસ્તાવના—સુત્રધાર નટી. નાટક સંબંધી રહેજ સુચના.

## અંક ૧ લો.

પ્રવેશ.

૧—જેસલમીરના મહારાજા સૂરજમલ કચ્છવાની રખાયત મધુ બેની તથા તેની પુત્રી કિશોરીની ખોટી ખુશામત. સૂરજમલની ભોળાઈ. હલકી જાતની મધુબેની તથા કિશોરીએ એ ભોળાઇનો કરવા ધારેલો ગેરઉપયોગ. કેસરનું આવવું. કિશોરીના ખોટા પ્રેમમાં ફસાયેલા વીરમે કેસરને તજી દીધી હતી, તોપણુ તે પ્યારાને પાપ માર્ગમાંથી છોડાવવા માટે કિશોરીની જાસૂસ રૂપે આવીને રહી હતી. હાલ તે કિશોરી પાસેથી મેરતાના રાજ્યમાં ખબર મેળવવા જવાની રજા લઈ જાય છે. વીરમ અને કિશોરીનો મેળાપ.

૨—મેરતાના રાજા મહીપાળ મેરતીયાની કુંવરી મોહિની સખીઓ સાથે બાગમાં વીનોદ કરે છે. છબીઓ વેચવાવાળીને વેશે કેસર ત્યાં આવે છે. મોહિની એની પાસેથી કોટાના બાળ રાજા કલ્યાંણ દેવ હાડાની અને જેસલમીરના મહારાજા સૂરજમલની છબી ખરીદ કરે છે. કલ્યાણદેવ હાડાની છબીપર મોહીત થઇ હૈયાપર ધરે છે અને સૂરજમલની છબીને પગ નીચે ખુંદે છે. કેસર આડી પડે છે, કેસર અને મોહિની વચ્ચે તકરાર થાય છે. "હલકી જાતની રખડતી સ્ત્રીઓને અંતઃપૂરમાં દાખલ કરી રજપૂત રાણીઓને રંજાડવાનું એ ઇનામ" એમ કહી મોહિની તેને કાઢી મૂકે છે.

૩—વીરમ અને મેરતાથી પાછી ફરેલી કેસરનો મેળાપ. કેસર વીરમને કિશોરીના કપટી પ્રેમને છોડી દેવાને સમજાવે છે. વગેરે.

૪—વીરમ અને કિશોરીનો મેળાપ. વીરમ કિશોરીને પોતાની સાથે લગ્ન કરવાનું કહે છે. કિશોરી ના પાડે છે. સૂરજમલ અને મધુએની આવે છે. ત્યાં કેસર આવી મોહિનીએ કરેલાં અપમાનના ખબર આપે છે. મધુએની અને કિશોરી મળી ભોળા સૂરજમલને ઉશ્કેરે છે. સૂરજમલ વીરમને મોહિનીનું માગું કરવા મોકલે છે અને માગું ના કબુલ કરે તો લડાઇ કરી હરણ કરી લાવવા હુકમ આપે છે. મધુએની અને કિશોરી મોહિની પાસે પોતાની મોજડી સાફ કરાવવા પ્રતિજ્ઞા કરે છે.

૫—મહીપાળ મેરતીયો માગું ના કબુલ કરે છે. વીરમ લડાઈની બ્હીક બતાવી ચાલ્યો જાય છે.

૬—સૂરજમલનાં માગાંની વાત જાણતાં મોહિની, કોટાપતિ કલ્યાણ દેવને મદદે બોલાવી લાવવા પોતાની સખી પ્રભાને પ્રેમ પત્રિકા આપી મોકલે છે.

૭—પ્રભા, તેનો જુઠો આશક રસરાજ, તથા તેનો છોકરો ધાંધલીઓ હાસ્ય પ્રસંગ.

૮—કોટાપતિ કલ્યાણદેવ હાડાને પ્રભા મોહિનીની પ્રેમ પત્રિકા આપે છે. હાડો મોહિનીની મદદે જાય છે.

૯—વીરમ જેઠવો, છુપી રીતે હલ્લો લઇ જઈ મોહિનીનું હરણ કરી જવાના ઇરાદાથી મેરતાના કિલ્લા બહાર ઝાડીમાં લશ્કર સાથે ભરાઈ રહયો હતો ત્યાં પ્રભા કલ્યાણને લઇ આવે છે. કિલ્લાની છુપી બારી ઉઘાડી અંદર જાય છે, વીરમ જેઠવો દગાથી બારી વાટે લશ્કર સહીત કિલ્લામાં પ્રવેશ કરે છે.

૧૦—પ્રભા કલ્યાણદેવને સંન્યાસીનો પોશાક પહેરાવી બીજી દાસી સાથે મોહિનીના મહેલમાં મોકલી દે છે. પાછળથી વીરમ

લશ્કર સાથે પ્રવેશે છે. પ્રભાને પકડી સામત નામના સીપાઇના કબજામાં સોંપી જાય છે.

૧૧—મોહિની અને સન્યાસીના વેશમાં કલ્યાણદેવ. કલ્યાણદેવ ખુબીથી જાહેર થઇ મોહિનીને લઇ જાય છે.

## અંક ૨ જો.

૧—શત્રુના લશ્કરે કિલ્લામાં પ્રવેશ કર્યાના મહીપાળ મેરતીયાને ખબર. મહીપાળનું મેદાન પડવું, ઘાયલ થવું. તેના સામંતોનું તેને લઇ નાશી જવું. કચ્છવાની ફતેહ થાય છે. વીરમને મોહિનીનું હાડો હરણ કરી ગયાના ખબર મળે છે, તે તેમની પાછળ ચડે છે.

૨—પ્રભા અને સામતનો હાસ્ય પ્રસંગ. વીષયાંધ સામતને થાપ આપી પ્રભા છટકી જાય છે.

૩—કલ્યાણદેવ અને વીરમ વચ્ચે માર્ગમાં લડાઇ. મોહિનીનું લડાઇમાં ઉતરવું. મોહિનીને હાથે વીરમનું રણમાંથી નાસી જવું.

૪—સ્ત્રી જાતીને હાથે હાર ખાઇ બધી વાતથી નીરાશ થયેલો વીરમ મરવા તૈયાર થાય છે ત્યાં સીપાઇ વેશે તેની પુંઠે ભટકતી કેશર અટકાવે છે. બન્ને ખરાં પ્રેમીઓ મળે છે. કીશોરીને પડછાએ ન જવા અને કેસરને પરણવા વીરમ વચન આપે છે. બન્ને જેસલમીર જાય છે.

૫—સુરજમલને મધુબેની અને કિસોરી કલ્યાણદેવ સામે ઉશ્કેરે છે. વીરમ આવે છે. સુરજમલ ને મધુબેની લડાઇનો પેગામ દઇ દુતને હાડા પાસે મોકલવાનો વિચાર કરી જાય છે. વીરમ પાછળ જવા માંડે છે. કિશોરી તેને અટકાવે છે. વીરમ તેનો તિરસ્કાર કરી ચાલ્યો જાય છે. કિશોરી અપમાનનો બદલો લેવા ઠરાવ કરે છે.

૬—સૂરજમલ તરફથી લડાઇનો પેગામ આવેલો હોવાથી કલ્યાણ દેવ હાડો મોહિની પાસેથી રજા લઇ તેની સામેજ ચડાઇ કરે છે.

૭—કિશોરી, કેશરને વીરમને તજી દેવા કહે છે, વીરમને કેસરને છોડી દઇ પોતાના ચાલુ પ્રસંગમાં રહેવા સમજાવે છે. એમાંથી કોઇ માનતું નથી. છેવટ કિશોરી વીરમને સાપ કરડાવી મહેલ પાછળના ડુંગરાની ખીણમાં ફેંકી દેવરાવે છે. પ્રેમઘેલી કેસર તેની પાછળ પડતું મૂકે છે.

## અંક ૩ જો.

૧—કેશર શબવત્ વીરમ સાથે બળી મરવા તૈયાર થાય છે. કેસર લાકડાં વીણવા જાય છે ત્યાં પાછળથી કલ્યાણદેવના છુપા જાસુસ તે રસ્તે નીકળેલા વીરમને ઝેરની અસરથી બેભાન જોઇ ઝેર ઉતારવા પોતાની સાથે લઇ જાય છે. કેસર આવી વીરમને ન દેખતાં ઉશ્કેરાઇ કિશોરીપર વેર લેવાનો નિશ્ચય કરે છે.

૨—વીરમને કલ્યાણદેવ મળે છે. સૂરજમલ કલ્યાણદેવ ઉપર ચડાઇ લઇ જતાં માર્ગમાં છાવણી નાખી પડેલો છે, એવી ખબર મળતાં કલ્યાણદેવ તેના ઉપર હલ્લો કરે છે, વીરમ કલ્યાણદેવે પોતાની સારવાર કરેલી હોવાથી તેને મદદ આપવા તૈયાર થાય છે.

૩—સૂરજમલની છાવણી ઉપર કલ્યાણદેવ હલ્લો લાવે છે. સૂરજ મલ નાસી જાય છે. મધુએની ને કિશોરી કેદ પકડાય છે.

૪—કિશોરી મોહીનીના મહેલમાં કેદ છે એ જાણતાં કેસર વેર વાળવા પહેરેગીરને ઠગી મેહેલની અંદર દાખલ થાય છે. કલ્યાણની રજાથી વીરમ કિશોરીને છેલ્લીવાર મળવા જાય છે. પરિણામ જોવા કલ્યાણ પાછળ છુપો જાય છે.

૫—કેસર ઉંઘતી કિશોરીનું ખૂન કરવા જાય છે ત્યાં વીરમને આવતો જોઇ છુપાય છે. વીરમ કિશોરીને મળે છે. મારી નાખેલાને જીવતો જોઇ કિશોરી ફરીથી તેનાપર ખંજર લઇ ધસે છે. કેસર કિશોરીને મારી વીરમને બચાવે છે, કલ્યાણની હાજરીમાં બન્ને પ્રેમીઓ મળે છે.

૬—નાસતા સૂરજમલને જંગલમાં રખડતો મહીપાળ મળે છે. બન્નેની ઝપાઝપી થાય છે. સૂરજમલ પકડાય છે. મહીપાલના સરદારો ખબર લાવે છે કે સૂરજમલને જીવતો પકડી લાવનાર માણસ જે માગશે તે આપવાનો ઢંઢેરો કલ્યાણદેવે બહાર પાડયો છે. તેથી મહીપાળ સૂરજમલને લઇ કોટ તરફ જાય છે.

૭—મરેલી કિશોરીના કપડાંમાંથી મળેલી ચીઠ્ઠીને આધારે મોહિની સૂરજમલ પાસે મધુબેનીને કિશોરીના પ્રપંચનું પોગળ ખુલ્લું કરે છે. સૂરજમલ પસ્તાય છે.

૮—દરબારમાં મોહિનીના કહેવાથી કલ્યાણ દેવ સૂરજમલને માન સહીત છૂટો કરી જેસલમીરનું રાજ તાજ પહેરાવે છે. મધુબેની પાસે મોહિનીની મોજડી સાફ કરાવે છે. સૂરજમલને પકડી લાવનાર મહીપાળને ઇનામ માગવાનું કહેતાં તે જાહેર થાય છે મેરતાની ગાદી મહીપાળને સોંપાય છે. મહિપાળ મોહિની અને કલ્યાણનો હસ્ત મેળાપ કરાવી આપે છે. એ આનંદમાં વીરમને કેસર પણ મળે છે.



॥ ॐ तत् सत् परमात्मने नमः ॥

# મોહિની.

## મંગળાચરણ.

સૂત્રધાર—

૧

શંભૂ સુખ દાતા
વિનતી નાથ સ્વીકારો—શંભુ.
દયાનીધી છો ભવપતિ ભોળા
સેવક દુખ તાપથી ઉગારો—શંભુ.
તારૂં એકજ શરણુ છે મારે
શરણાગતનું બિરદ વિચારો—શંભુ.

સૂત્રધાર—

૨

સતી શીયળવંતી જુવતી ધન્ય તેજ વિશ્વમાં
અવતારી અંશ એ પતિના ગૃહતણી રમા—સતી.
ભર્યું નિર્મળ ચિત પ્રેમથી કુટુંબ વત્સળા
ઉત્સાહી દ્દઢ ને દયાભરી સુવીમળા—સતી.

નટી—

૩

નીતી કેરા પાઠ પ્યારા હો પઢાવો પિયુ
સત્ય ન્યાય ને ધર્મ મારગે પિયુ દોરજો
શીયળતણાં આભૂષણુ સાચાં અપાવો પિયુ—નિતી.

## અંક ૧ લો

**મહુબેની—** ૪

શી કરમની ખુબીની વાત ભેદની ભરી
હતી હું કોણ જાત ભાત ક્યાં જઇ ઠરી ? શી.
ક્યાં ઝુંપડીનો વાસ ક્યાં નિવાસ મહેલમાં
માગવી ક્યાં ભીખ ક્યાં આ ચમન સૈલમાં
આવી પડી રાજ લક્ષ્મી રેલછેલમાં
થઈ રહી મહારાજ કેરી નેણ પુતળી—શી.
રાણી રજપૂતાણીઓને કરી રાયથી પરી
તે રાજ્યની લગામ લીધી પ્યારી દીકરી
તક સાધી લઇશું જ રાજ્ય આપણું કરી
સહુ સફળ થશે યુક્તી જુગતી બંધ આદરી—શી.

**સુરજમલ—** ૫

જોઉં અજબ રસીલી તું જ પ્યાર
હું તાબેદાર તું છે સરદાર
સુખનો ભંડાર તું છે
હૈયાનો હાર તું છે
સંસાર સાર તું છે
જીવનો આધાર તું છે
હું ગણું તું સહુ તું સહુ મારી
ના કરૂં ન્યારી કોદી લગાર—જોઉં.

---

**કેસર—**( અંદરથી ) લ્યોરે કોઇ કંકણ કામણ ગારાં
આપું અત્તર હું ન્યારાં ન્યારાં—લ્યોરે.

કિશોરી— ૬

પ્રેમના રંગના તરંગમાં હો ચાલો ઝીલીએરે
પીયુ સંગમાં
જોબન ઘોડલે પીયું પલાણી
ઉતરો આનંદ રંગ જંગમાંરે—ચાલો.
પ્રીતથી પ્યારા રંગું તારાં
અંગને રસીક રસ રંગમાંરે—ચાલો.

માહિની અને સખીઓ ૭

આલી જો જો તો કેવી રાત આ રઢીઆળીરે!
સંગમાં સુભાગી સ્વામી ચંદ્રના
પોતે ખીલીને જગ ખીલવે જો
પૂર બહાર મહીં પોતે ખીલીને જગ ખીલવે જો—આલી.
ધન્ય ધન્ય એ જોડલું ધન્ય ધન્ય અવતાર
જેને સુખીયાં જોઇને સુખીયો સહુ સંસાર—આલી.
અગણિત તારા આભમાં અમથા ગોથાં ખાય.
સતી સામુંયે ના જૂવે રટે એક શશીરાય—આલી.
નીતી એવી નીહાળીને દુનીયાંના દીલડાંય
સતીને સુખમાં જોઇને આનંદે ઉભરાય—આલી.
મહિમા આવો છે સતીઓ તણોરે લોલ
જાણી સુજાણુ સતીઓ બનોરે લોલ
સ્વામીને સદા પ્રભુ સમ ગણોરે લોલ
નારી સતીતણો જય જય ભણોરે લોલ—આલી.

સખીઓ— ૮

રસીયો રસીલી તુને પ્રેમે રમાડશે
પ્રેમે ઝુલા પરે ઝુલાવશે હો ઘેલી—રસી.

પ્રેમનાં ગીત રોજ ગાશે ગવરાવશે
પ્રેમનાં પાણીએ નવરાવશે હો ઘેલી—રસી.
પવન મંદ મંદ પ્રેમ પંખાથી નાંખશે.
પ્રેમ નીશે મસ્ત એ બનાવશે હો ઘેલી—રસી.

કેસર— ૯

લ્યોરે કોઇ કંકણુ કામણગારાં
આપું અત્તર હું ન્યારાં ન્યારાં—લ્યોરે.
ચીત્રો વિચીત્ર છે વિરલ નરોનાં
નીરખે નયન હરનારાં —લ્યોરે.
ગુલાબ બીજોરી સળીને સુરમા
પટોળાં પાટણવાળાં—લ્યોરે.

મોહિની અને સખીઓ }— ૧૦

મઝા ચાખે ભગ્ને મેરતીયાની તલવારની
તલસે છે પીવા લોહી એ કયારની—મઝા.
રજપૂતોની નીતી રીતી ગોલી તું શું જાણે?
ગલી ગલી ફરનારી બજારની (તું છે) ગલી.
કેસર—એમ છે તો એક દિન બતાવિશ આપને
શકતી છે કેવી સુરજમલ સરદારની—મઝા.

કેસર— ૧૧

ઘટ ઘટના વાસી ઘનશ્યામથી રે
ઘેલા કયાં તું છુપાશે હાંહાંરે ઘેલા કયાં તું છુપાશે?
પાપ તોંહારૂં પલ એકમાંરે
ઘેલા પ્રગટ તો થાશે હાંહાં રે ઘેલા પ્રગટ તો થાશે.
જ્યાં ચંદ્ર કે સૂરજ તણાં કિરણો જરી નહિં સંચરે
નહિ વાયુ પણ વીંધી શકે એ પૃથ્વી પટની અંતરે
દિવસે અને સંધ્યા સમે ઘનઘોર રાત્રિને વિષે
ઘટ ઘટ નીવાસી નાથને જે જે બને તે તે દીસે—ઘટ.

કેસર—　　　　૧૨

જપું નામની તારા હું નીત માળારે પિયુ પ્રાણ આધારા
ભલેને રહ્યાં ન્યારાં દર્શ તીંહારાં યાચું સદા રઢીઆળાં-જપું
તેં તો ભલેને તજી મુજને દેવ મારો તો તું છે પ્યારા
સદાય શુદ્ધ મને સ્વામી હું તો ભજીશ તને
તારા સુખે સુખી દુઃખે દુઃખણી હું
આ કાયા તારાં કલ્યાણ માટે ધારી છે વ્હાલા—જપું.

કિશોરી—　　　　૧૩

જેસલમીરતણા શૂરવીર સુભટ આવો—આવો.
વીરમ—હાજર હજુર છું દાસ તીંહારો હુકમ ફરમાવો ફરમાવો-જેસલ.

કિશોરી—લટકતી ચાલ તારી ચટકતી ચાલ તણી ખટક
　　અટકી મુજ અંતરમાં
વીરમ—ચંદ્રવદની તુંજ ચરણ પાસ આ તારો શી ગણતરમાં?
　　ના શરમાવો શરમાવો—જેસલ.

કિશોરી—　　　　૧૪

સ્વતંત્રતા શીદ ખોવી નાહક મારે ?
માનું હું લગ્નને બેડીતું બંધન
ગુલામી જીંદગી જોવી નાહક મારે—સ્વતંત્રતા.
મહીપતિ કેરી માનીતી કુંવરી
દુનીયાં કરે શું વગોણી ( કહો મને ) સ્વતંત્રતા.

વીરમ—

૧૫

થઇને સમજુ આ શું બોલો ?
જીવ નિરજીવને શું સરખાવો ?
ક્ષુદ્ર ફૂલ ક્યાં ? અમોલ આત્મા
ગોળ ખોળનો ભેદ રખાવો
સત્ય અસત્યની ઓળખ કરવા ઇશ્વરે આપી સુબુદ્ધિ
મીથ્યા મમત મહીંજ ઉતરી ઉતારો એને ન વાટે ઉંધી—સમજુ

કેશર—

૧૬

ફરતી ફરતી ઉતરી ગઇ મેરતા દેશ
મહીપાળની કુંવરી દીઠી બાળે વેશ
વેંચી છબી મેં આપની તે બાળાની પાસ
છુંદી એણે પગ તળે છુટયો મુજને ત્રાસ
કારણ પૂછ્યું એહનું કહ્યું "સૂરજમલ્લરાજ
રખાતને ઘર સંઘરી લોપે કુળની લાજ"

મહીપાળ—

૧૭

થાય તે ભલે કરે, ન મેરતીઆઓ કદી ડરે
વીરમ—જોર ઉતારશે, તોર ઉતારશે કચ્છવાની તરવાર રણે—થાય
મહીપાળ—સિંહ તણો શું શિકાર લઇ જશે આમ ડરાવીને
આજ શીઆળ
વીરમ—સિંહ શીયાળની સમજ પડશે આવી ઉભો રણ ભૂમી
પરે—થાય.

મોહિની—

૧૮

દીવાની બની મસ્તાની
પીયુ હું દીવાની—

## ૧૪

નેણાં રસીલાં નીરખી તારાં
હું તો ભાન ભુલી
બની ગઈ દીવાની--દીવાની
ખાન લીધું પાન લીધું, માન લીધું હા
ઠગારા તેં, ધુત્તારા તેં, લૂંટારા તેં
મોહ કેરાં બાણુ મારી
હર્યું મન મારૂં, હર્યું તન મારૂં ને જોબન મારૂં.
કરી તેં દીવાની—દીવાની.

સખીયો—

## ૧૯

તારૂં મદભર જોબનીયું ઝળકાવી લેને તું
ઝળકાવી લેને તું મલકાવો લેને તું--તારૂં
ચટકી ચાર દીવસની જોબન મૂરખ ના બન એની તું
થઇ શાણી લે માણી, વ્હાલી વ્હાલમને વેગે વધાવી લેને તું-તારૂં
જોબન રંગ પતંગ આ ઘેલી જોતામાં જાશે ઉડી
પિયુ સંગે, રમી રંગે, આવ્યો અવસર આ સફળ
બનાવી લેને તુ—તારૂં.

રસરાજ—

## ૨૦

આવો આવો સલુણી સુંદર આવો આવો
મન આ તમારૂં જાણો તન આ તમારૂં જાણો
વદન છબીલું ના છુપાવો--આવો-આવો.
શરમ સમેટો હવે ભાવથી લ્યો ભેટો હવે
ભામની ન વધુ ભાવ ખાઓ--આવો-આવો
ઘેલી ઘુમટો આ ખોલો પ્રેમ બોલ બોલો બોલો
તારૂણી હવે ન તરસાવો—આવો-આવો.

પ્રભા---                    ૨૧

ચાલો ચતુર મારા ચીતડાંના ચોર

રસરાજ—ચાલો કોડીલાં મારાં કાળજાની કોર

પ્રભા—ચાલો મોહન મારા માથાંના મોર

ધાંધલીયો—વાહ વાહજી વાહ વાહ અડીઅલ ઢોર.

લ્યો ચાલ્યા લંપટ લાલા

કરવાને મોઢાં કાળાં

ઘરબારને મૂક્યાં પડતાં

બાળકને મુક્યાં રડતાં

નવ જોઇ જાત કે ભાત

નવ જોયાં માત કે તાત.

પણ નથી આ બંદો કાચો

રોકી રાખું તો સાચો

ભયથી ભંગાવું જોડ

ખૂબીથી ભૂલાવું ખોડ--ચાલો.

૨૨

કલ્યાણ—

ક્ષત્રિ કુળ ભૂષણ રાજ ! અરજી આજ આ ઉર ધારજોરે

વરી બેઠી છું રાજન હું મનથી તમ સંગ સુજાણ

નીરખી સુંદર શ્યામ પ્રિય કલ્યાણ—આઉર.

હરિ જાશે શું હંસતણા શણગારને કાગ કુજાત

અરર ભયંકર વાત હાડા નાથ--આઉર.

માગું કરેછે જેસલમીરપતિ લડવા તૈયાર

જઉં કચ્છીવા દરબાર હૈડાની નાર ?--આઉર.

૨૩

કલ્યાણ—

જોગ ને ભોગ સમાન સદા છે
પ્યાલો પીધો પૂર પ્રેમનો જેણે
ખાવા પીવાનું ન ધ્યાન એને
સુતા બેઠાનું ન ભાન એને
એકજ પ્રેમીનું તાન એને—પ્યાલો.
શહેર કે હો સમશાન એને
સદા સમાન આરામ એને
એકજ પ્રેમીનું કામ એને—પ્યાલો.

મોહિની— ૨૪

વાટડી જોઇ હું વ્હાલાની થાકી
આકર્યાં નયન ભરી પાણીરે
નાથજી નવ આવીયા
નવ મોકલી કાંઇ નીશાની
સખીરી કરૂં શું હું હિમ્મત મારી
જાય છે હવે તો હારી-હારી
શું રે હાડાનો કુલ હીરલો સખી
આમ તે નિર્દય થાશેરે
હૈયાની સહુ હોંશ શું મુજ
હૈયામાંજ સમાશે—સખીરી.

મોહિની— ૨૫

પીયો પ્રેમી રાજનરે પ્યાલી આ—પીયો.
ગુલાબી ઘેરી આંખડલી આ ગૌર ગુલાબી અંગ

૧૭
ગુલાબી પ્યાલી આ પીતાં અતર છાય ગુલાબી રંગ
—પીયો.
અજબ રસ અમૃત ભર્યા છે રસીક મારે હાથ
બનો પીને પરદેશી પ્યારા રસીક રસીક સાથ—પીયો.

મોહિની-- ૨૬

મારા જીવનું જીવન અલબેલા સુજાણ
મોહિનીનો તન મનનો માલેક
મોહન તું હવે માન--મારા.
સેવા કરૂં સ્વામી ગણીને સ્વયંભૂ
બની રહી નીરમળ ગંગા
જોશે નયન તુંજ તુજ રસિકને
ચાહશે ચિત્ત નિત્ત એકજ તુજને
સાથે રહી સંસાર ઉતરશું
સુખે સલુણા શ્યામ--મારા.

## અંક ૨ જો.

મહીપાળ— ૨૭

થરરરરરર કેમ આજે કાય કંપિત થાય છે?
ચરરરરરર ચિત્ત મારૂં અકારણ ચીરાય છે—થરર.
નયનમહીં નિદ્રા ન આવે
ચેન લેશ પડે નહીં

અશુભ તર્ક વિતર્કમહીં
અંતર અતિ અથડાય છે—થરર.

૨૮

પ્રભા—બની ઘેલી હું આજ જોઇને મોહન તારૂં મુખડું
સામત—ભાગ્ય ખીલ્યાં ભલાં ભાગ્ય ખીલ્યાં—બની.
પ્રભા—કાળી કાળી તારી આંખથી રે હાય.
કાળજું આજ મુજ કોર્યું—ભાગ્ય.
ચટક મટકતી ચાલથીરે હાય
ચીતડું આજ મુજ ચોર્યું—ભાગ્ય.
કરવા લગન આ લાલથી રે હાય.
દિલડું આજ મુજ દોડયું—ભાગ્ય,

કેસર ૨૯

સ્નેહની સત્તા શી આવી?
નીશદીન વન વન ભટકી
પીયુ મીલન તક તોયે હજુ ન હાથ આવી—સ્નેહ.
વેશ ધરી ગુણીકાનો આવી
પીયુ છાવણી જઇ રીઝાવી
રજા મેળવી બની સિપાઇ
ગઇ રણે પિયુનો કર સાહી
સ્નેહે હા બહુ બહુ અથડાવી
તોય ન સ્નેહી પરે હું ફાવી—સ્નેહ.

કેસર— ૩૦

ચાલો પીયુ પ્રાણાધાર
વીરમ—ચાલો પ્યારી—ચાલો.

માનું તારો હું કેવો આભાર

કેસર—એ શું વદો ? જાઓ જાઓ

વીરમ—પાપી પંથથી ઉગાર્યો પતિત પતિ આજે તેં સતી નારી—
ચાલો.

કેસર—ચાલો હવે ઝટ જઇએ પ્રીતમ ઘર

વીરમ—ચાલો સુભગ સુંદર દેવી મારી—ચાલો.

મધુબેની— ૩૧

રસ કેરા લોભી રાજ જાઉં વારીરે
જાઉં વારી જાઉં વારી જાઉં વારીરે—રસ.
અંતર નાચે અજબ રસ રંગે
જોઉં હું છબીલા જ્યારે
છબી તારી છબી તારી છબી તારી છબી તારીરે—રસ.
જોબન બાગે નવીન ફુલ ખીલ્યાં
લે સુગંધી ભોગી ભ્રમર
ન્યારી ન્યારી, ન્યારી ન્યારી, ન્યારી—ન્યારીરે—રસ.

વીરમ— ૩૨

( હંમેશાં ) સત્ય સ્હાયક ભગવાન સદા સત્ય સ્હાય કરે છે
એ પ્રભુની ઇચ્છા વિણ તૂજથી
પીપળ પરનું પાન પણ ના કદી ખરે છે—સત્ય.
હું કરૂં હું કરૂં કરી હું પદમાં
નાહક કાં નાદાન તું મરડાઇ મરે છે—સત્ય.

કિશોરી— ૩૩

કર્યું અપમાન તેં મારૂં કંઇ ન વિચાર્યું
તો અભિમાની જો હવે તારૂં

કેવું ઉતારૂં ગુમાન—કરયું
બની છું આજ તારી જીવની વેરણ રે
વેર વેર વેર વેર
નહીં વિસારૂં
મરૂં કે મારૂં—લોહી પી તારૂં
અંતર ઠારૂં પણ એ ધારૂં નાદાન—કર્યું

મોહિની— ૩૪

આવો આવો રાજન અલબેલા
જાઉં વારી પીયુ પ્રેમઘેલા—આવો.
ઘેલી પીયુ દરશન વીણ દાસી
રહો સદા સમીપે છબીલા—આવો.
મેણુંકેરા અમીરસની હું પ્યાસી
પાઓ પ્રેમે પીયુજી રસીલા—આવો.

મોહિની ૩૫

ઝળકાવો જાઓ વ્હાલારે
ઝટ હાડા કુળની કીરતો—ઝળકાવો.
ઉમયાપતિ રહો નીશદિન પ્રિયતમ
રણમાંહે રખવાળ તમારા
દુશ્મન મન પણ હાથ વખાણે
આવો સ્વામીજી જશ પામી ધારી જયમાળા-ઝળ.

કિશોરી— ૩૬

અમોલા પ્રેમનો મારા કરી ધિક્કાર ઓ વીરમ!
સહી હું શું શકું બીજી પરે કર પ્યાર ઓ વીરમ!

નથી એવી દયાળુ હું અદેખી નાર ઓ વીરમ!
જનમનું જોડલું તારૂં કરીશ હું ખ્વાર ઓ વીરમ!
લઈશ હું કાબુમાં પાછો તને આ વાર ઓ વીરમ!
નહીં તો વાસ તારો છે મરણુ દરબાર ઓ વીરમ!

## અંક ૩ જો.

નાચનારીઓ— ૩૭

આજ મળી ખેલો સાહેલી સહુ સંગમાં
ગાઓ બજાવો ને નાચો ઉમંગમાં—આજ.
ખીલ્યો છે વસંત બ્હાર ખીલ્યો છે સૃષ્ટિતણો શણગાર
ખીલે રમાકેરો રસભર પ્યાર
ખીલાવો ભુપને આવો એલી આવો
રંગી સુરંગમાં—આજ

નાચનારીઓ— ૩૮

મોરી ગલી આજારે સાંવરીયા
દરશ દીખાજા જાન—મોરી.
ચુન ચુન કલીયોંસેં સેજ બીછાદું હાં
સોજા સુલાજારે સાંવરીયા—મોરી.
છતીયન ધડકત રતીયન તલપત હાં
આજા-બુલાજારે સાંવરીયાં—મોરી.

મધુબેની— ૩૯

દશા શી થશે અરેરે હૈયા અમારી હા હરીરે
બાજી બીછાવી પરને કાજે તેમાં અમે ફસાયાં આજે

અંતરની આશા અંતરમાં ગઇ મરીરે—દશા.
પ્રથમ વિચાર કીધા ના કાંઇ અભિમાનમાં ગયાં તણાઇ
તો ચાલ્યાં બંધાઇ, કર્મ ગતિ ફરીરે—દશા.

મહીપાળ— ૪૦

અજબ ખરે છે ખુબી ભાગ્ય કેરી
પામે ના કોઇ તે તણો પાર—અજબ.
રાજ રંક, રંક કરતું, જોતામાં તખત સ્વામી
જંગલનો હું છું આજ રખડનાર—અજબ.

સુરજમલ— ૪૧

ધીક ધીક અધમ તને
કોટી શરમ શરમ
મીઠી વાણીમાં લોભાવી,
કરવા શું ધારે નીચ નારી તું ખુવાર મને ?—ધીક.
ગણીને રતન જેનું કર્યુંતું જતન મેં
કર્મે કર્યો કુડો કાચકેરો કટકો
પાપ કેરી પ્રતીમા તું દુર થા દુર થા દુર થા દુર થા
હૈયામાં આગ ઉઠે જોઇ જોઇ નગણી તુજને—ધીક.

મોહિની— ૪૨

રે ના સુજાત બને કદી કુજાત
ભલે આપો પ્રાણ દાન તમે—રે ના.
રંગ જશે નહિ કોયલાકેરો
ભલેને સાફ કરો સોમણ સાબુએ તમેરે—રે ના.
વાસ જશે નહિ ડુંગળાકેરી
ભલેને કયારો કરી કસ્તુરીનો વાવો તમે—રે ના.

## ૪૩

સર્વે—

સત્ય રૂપી નાવે ઉતર્યા કીનારે વાહવારે વાહવારે આખરે
હોડકી અસત્યની ડુબી આખરે—સત્ય.
પાપીના ક્ષય છે ધર્મ નિર્ભય છે, ધર્મીના જય છે આખરે
ધરમ પરમ ધારજો
ચંદ્ર ધર્મ રૂપી, પાપીષ્ટ રાહુથી, બે ઘડી રહે છુપી
નીકળે ઝબૂકી તેજે ભર્યા પૂરા આખરે—સત્ય.

સમાપ્ત.